# પ્રેસનોટ

**તા. ૦૬/૦૬/૨૦૨૫**

**સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૪ અન્વયે શાળા પસંદગી કરવા બાબતે અગત્યની સૂચના**

**રાજ્યની સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૪ અન્વયે તા.૨૬/૦૫/૨૦૨૫ અને તા.૦૫/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી માટેની પસંદગી સમિતિની મળેલ બેઠકમાં થયેલ નિર્ણય અન્વયે વધુમાં વધુ ઉમેદવારોને રોજગારીની તકો મળે તથા સરકારી શાળાઓમાં મહત્તમ સંખ્યામાં શિક્ષકો ઉપલબ્ધ થાય તથા શાળા પસંદગીમાં ઉમેદવારોને વધુ વિકલ્પો મળી રહે તે હેતુથી સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ માટે પુન:વિચારણા કરી ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને વાંધા અરજી બાદ લાયક તમામ ઉમેદવારોને શાળા પસંદગીની તકો મળે તે માટે અગાઉ તા.૧૩/૦૫/૨૦૨૫ થી તા.૧૭/૦૫/૨૦૨૫ દરમિયાન ઉમેદવારો દ્વારા આપવામાં આવેલ શાળા પસંદગી અને તા.૨૧/૦૫/૨૦૨૫ના રોજ કરેલ શાળા ફાળવણી રદ જાહેર કરવામાં આવે છે. તમામ ઉમેદવારોએ ફરીથી તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી પોર્ટલ પર ઓનલાઇન પુન:શાળા પસંદગી આપવાની રહેશે.**

**વધુમાં, બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૪ અન્વયે ડોક્યુમેન્ટ વેરીફિકેશન અને વાંધા અરજી બાદ લાયક તમામ ઉમેદવારોને પણ તા.૦૬/૦૬/૨૦૨૫ થી તા.૦૯/૦૬/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧.૫૯ કલાક સુધી પોર્ટલ પર ઓનલાઇન શાળા પસંદગી આપવાની રહેશે.**

**ખાસ નોંધ:**

- **સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ અન્વયે અગાઉ શાળા પસંદગી આપેલ હોય, ના આપેલ હોય કે શાળા ફાળવણી થયેલ હોય/ના થયેલ હોય તેવા તમામ ઉમેદવારોએ નવેસરથી શાળા પસંદગી આપવાની રહેશે.**
- **શાળા પસંદગી પ્રક્રિયામાં ભાગ ના લેનાર ઉમેદવારોને સંબંધિત ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવશે જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.**

**ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર**
**માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ**
**ભરતી માટેની પસંદગી સમિતિ**